## ગાંધીનગરમાં નવરાત્રી આઠમું નોરતું

- ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા આયોજિત નવરાત્રી મહોત્સવના નવમા નોરતે ગોલ્ડન ચીયર્સના ગાયક કલાકારોના મધુર કંઠે ગરબાના સુર રેલાશે.
- સાર્વજનિક નવરાત્રી મહોત્સવ દ્વારા સેક્ટર-૨૨, ગબ્બરચોક ખાતે જય માતાજી કલાવૃંદના ગાયક વિજયભાઈ ઠાકોરના કંઠે રાત્રીના ૯.30 કલાકે ગરબાની રમઝટ જામશે.
- નવરાત્રી મહોત્સવ યુવા સમિતિ દ્વારા સેક્ટર-૧૭ ખાતે રાત્રીના ૯.૦૦ કલાકે ભાણાભાઈ મ્યુઝિકલ ગૃપના ગાયક કલાકારો ગરબાની રમઝટ બોલાવશે.
- થનગનાટ આર્ટ એન્ડ કલ્ચરલ ફાઉન્ડેશન દ્વારા સે. ૧૧ના થનગનાટ ગરબા ગ્રાઉન્ડ ખાતે રાત્રીના ૮.30 કલાકે બેલા શાહ અને તપનકુમારના મધુરકંઠે ગરબાની પ્રસ્તુતિ થશે.
- નવરાત્રી સમિતિ સે. 3-ન્યુ દ્વારા રાત્રીના ૮.30 કલાકે રમઝટ મ્યુઝીક ગૃપના ગાયક કલાકાર નિલેષ બારોટના મધુરકંઠે ગરબાની રમઝટ બોલાવશે.
- નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા સે. 3-સી, શક્તિચોક ખાતે રાત્રીના ૮.30 કલાકે બટુકલાલ એન્ડ પાર્ટીના ગાયક કલાકારો ગરબાની રમઝટ બોલાવશે.
- નવરાત્રી મહોત્સવ સમિતિ સે. ૫-સી દ્વારા રાત્રીના ૮.30 કલાકે સે. ૫ના નવરાત્રી ચોક ખાતે નાગેશ્વરી કલાવૃંદના ગાયક કીર્તિસિંહ ઠાકોરના મધુરકંઠે ગરબાની પ્રસ્તુતી થશે.
- શક્તિમંડળ દ્વારા સવારના ૧૦ થી ૧૨ કલાક દરમિયાન ભલીબેનના યજમાનપદે અંબાજી મંદિર, સેક્ટર-૧૪ ખાતે આનંદનો ગરબો યોજાશે.

# આસમાની રંગની ચુંદડી રે... માની ચુંદડી રે... માની ચુંદડી લહેરાય....



# મકાઈની પદ્ધતિસરની ખેતી અંગે તાલીમ યોજાઈ

ઈન્ડીયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ મેઈઝ રીસર્ચ, ન્યૂ દિલ્હી તથા મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, ખેડબ્રહ્માના સંયુક્ત ઉપક્રમે ગુજરાત રાજ્યના કૃષિ વિભાગના વિસ્તરણ અધિકારીઓ તથા ગ્રામ સેવકોને ઉત્તર ગુજરાત માટેની મકાઈની ચોકસાઈપૂર્વકની ખેતી પદ્ધતિ વિષય પર તારીખ ૬ અને ૭ ઓક્ટોબર ૨૦૧૬ના રોજ તાલીમ ગોઠવવામાં આવેલ હતી. ઉદ્‌ઘાટન ડૉ. કે.એ. ઠક્કર, વિસ્તરણ શિક્ષણ નિયામક, સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદાર કૃષિનગર દ્વારા કરવામાં આવેલ હતુ. આ કાર્યક્રમમાં મકાઈની ઓછા ખર્ચે, વધુ ગુણવત્તાસભર ઉત્પાદન મેળવવા માટે ચાવીરૂપ મુદ્દાઓ તાલીમાર્થીઓને સમજાવવામાં આવેલ હતી. જેથી ઉત્તર ગુજરાતમાં મકાઈ ઉગાડતા ખેડૂતો માટે ઉપયોગી થશે. આ કાર્યક્રમમાં મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર આણંદ કૃષિ યુનિવર્સિટી ગોધરાના કચેરીના વડા તથા સંશોધન વૈજ્ઞાનિકશ્રી (મકાઈ) એ ઉત્તર ગુજરાતના મકાઈની પરિસ્થિતિ ઉપર ધ્યાન દોરવામાં આવેલ હતુ. ડૉ. ભરતભાઈ ઠક્કર (વિસ્તરણ શિક્ષણ, પ્રો. કે.એચ. પટેલ તથા ડૉ. પીનાકીન પરમાર એ પણ ભાગ લીધેલ હતો.

## પલ્લી મેળો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લે તેવી સંભાવના છે. આશરે પાંચ હજાર પૂર્વે પાંડવો દ્વારા વરદાયિની માતાજીની પલ્લી નિકાળવામાં આવી હતી. આ પરંપરાગત મુજબ આ પલ્લી યાત્રા યોજવામાં આવે છે. પલ્લીયાત્રામાં લાખો ભાવિકો માતાજીના રથ પર ઘીનો અભિષેક કરે છે. શ્રદ્ધાળુઓની આસ્થાનું કેન્દ્ર સ્થાન બનેલા રૂપાલના પલ્લી મેળા માટે પુરતી વ્યવસ્થા સલામતીનો પણ બંદોબસ્ત કરવામાં આવ્યો છે. પલ્લી મેળાને અનુલક્ષી ૨૪ સીસીટીવી કેમેરાની વૉચ ગોઠવવામાં આવી છે. ડુપ્લીકેટ ઘીનું વેચાણ ન થાય અને પલ્લી ઉપર ડુપ્લીકેટ ઘી ના ચડે તેની ખાસ તકેદારી રાખવા માટે કુલ ૧૦ ટીમ તૈયાર કરવામાં આવી છે. જેમાં ફૂડ એન્ડ ડ્રગ્સ, એક નાયબ મામલતદાર તેમજ એક પોલીસ કર્મી મળીને એક ટીમ બનશે. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા લાઈસન્સ આપવાની કાર્યવાહી પણ કડક કરવામાં આવી છે. તેમજ ડુપ્લીકેટ ઘીનું વેચાણ થતુ હોય તો જાહેર જનતાને જાણ કરવા અપીલ કરી છે. ઉલ્લેખનીય છે કે જીર્ણોદ્ધારમાં જે ભક્તો રૂ. ૧૦૦૦ કે રૂ. ૫૦૦ દાન પેટે આપશે તેમને પ્રસાદી રૂપે ૫૦૦ ગ્રામ અને ૨૦૦ ગ્રામના મધુર ઘીના પાઉચ આપવામાં આવશે.

## રઝળપાટ

● ૪ પાનાનું ચાલુ...

કોલેજમાં એસીડ પીડિતાનું લેકચર એટલા માટે નથી ગોઠવાતું કે પ્રિન્સિપાલનું એવું કહેવું છે કે દાઝેલો ચહેરો જોઈને વિદ્યાર્થીઓ ડરી જશે, હજુ આજે પણ ટીવી ડીબેટોમાં એસીડ વિકટીમોનો ઉપયોગ ટીઆરપી વધારવા જ થાય છે. કઈ કેટલીયે સામાજિક સંસ્થાઓ આવા હતભાગી એટેકોની ભોગ બનેલી મહિલાઓ માટે કાર્ય કરે છે પણ હજુયે જોઈએ એટલી સામાજિક અવેરનેસ નથી બની શકી. લક્ષ્મીએ આગ્રાના તાજની બાજુમાં આવા એટેકોના ભોગ બનેલી મહિલાઓ દ્વારા ચાલતું કાફેટેરિયા 'શીરોઝ હેંગઆઉટ' શરુ કરેલું. જેમાં આવી જિંદગીથી હારેલી હતભાગી મહિલાઓ જ કામ કરીને સ્વમાનભેર જીવી શકે છે જો કે ત્યાં પણ ગ્રાહકો કરતા મીડિયાની હાજરી વધુ હોય છે. સમાજ હજુ પણ આવી કમભાગી મહિલાઓની વહારે આવતા અચકાય છે જોકે ધીરે ધીરે પરિવર્તન આવે છે પણ દુખની વાત એ છે કે સામી બાજુ આવા એટેકોની સંખ્યા પણ વધતી જાય છે.

એ તો ભલું થાય આગળ વાત કરી એ હિંમતવાન લક્ષ્મીની કે જેને સુપ્રીમ કોર્ટમાં ખુલ્લેઆમ વેચાતા એસીડ પર રોક લગાવવાની માંગ સાથે એક લાંબી લડાઈ લડેલી. આજે એના પ્રયાસોથી કાયદામાં બદલાવ તો આવેલ છે પણ હજુ આજેય એ કાયદાની કઠોર અમલવારી ક્યા થાય ? ખાસ તો એસીડ એટેકનો ભોગ બનેલ ફરીથી સરળ રીતે જિંદગી જીવી શકે એવા પ્રયાસો થવા બહુ જરૂરી છે. સુપ્રીમ કોર્ટે ભોગ બનેલાને ૩ લાખ સુધીનું વળતર આપવાનો કાયદો કરેલો છે પણ ઘણા કિસ્સાઓમાં રાજ્ય સરકારોના એ નાણા પીડિતા સુધી પહોચતા પહોચતા બહોત દેર થઈ જાય છે. લક્ષ્મીના જ પ્રયત્નોથી એસીડના અનીધ્રુકિત વેચાણ અને એસીડ એટેકમાં ઉપયોગ કરનારની જેલસજા વધુ કડક બનાવી છતાયે હજુ આજે પણ એસીડ ખુલ્લેઆમ નિયમો ભંગ કરીને વેચાય છે અને આવા કિસ્સાઓમાં વપરાય છે . હજુ હમણાં જ મુંબઈની વિશેષ મહિલા અદાલતે પ્રીતિ રાઠી પર તેજાબ ફેંકનાર અંકુરને ફાંસીની સજા ફટકારીને આવા એસીડ એટેકરોને આકરો સંદેશ આપ્યો છે પણ હજુ સમાજ અને કાનુંને ઘણું કરવું બાકી છે.

## મોરપીંછના રંગ

● ૪ પાનાનું ચાલુ...

રાખે. કેટલાક તેમના ને મારા કોમન મિત્રો ભલે ભીખુભાઈને ચીકણા, માસ્તર, નાટકિયા કે તેમની પાસેથી રૂપિયા કઢાવવા મુશ્કેલ...એવું કહેતા હોય પણ આમાંથી એક પણ વાતનો અનુભવ મને થયો નથી કદાચ એવું બને કે ભીખુભાઈ ક્યારેક કોઈની સાથે 'જેવા સાથે તેવા' થયા હોય અને મિત્રોને ના ગમ્યું હોય...પણ એ એમનો પ્રોબ્લેમ છે.

આમ જોઈએ તો ભીખુભાઈ હવે નિવૃત્ત છે મતલબ કે ૫૮ વર્ષ વટાવી ચૂક્યા છે. પણ હજી એમના પુત્ર મેહુલ કરતાં વધારે સ્ફૂર્તિ અને શક્તિ એમનામાં છે. સતત ૧૮-૨૦ કલાક કામ કરવાની ક્ષમતા ધરાવતાં આ શખ્સ સાહિત્યિક, શૈક્ષણિક, રંગમંચીય, સામાજિક, સાંસ્કૃતિક અનેક ક્ષેત્રે અનેક એવોર્ડઝ મેળવી ચૂક્યા છે. સર્જક અને કવિ તરીકે પણ પંકાયેલા છે. રેડિયો અને ટીવી પર અનેક વખત ચમકી ચૂકેલાં આ કલાકાર પૂર્વમાં છેક આસામ સુધી દક્ષિણમાં કન્યાકુમારી સુધી અને ઉત્તરમાં છેક જમ્મુ કશ્મીર સુધી પહોંચી વળેલા છે.

ભીખુભાઈનો બીજો એક સૌથી સારો ઉત્તમ ગુણ એ છે કે ક્યારેય કોઈને નડતાં નથી એ ક્યારેય કોઈની સ્પર્ધા કરતાં નથી. આવો ગુણ ભાગ્યે જ કોઈનામાં જોવા મળે. બાકી ગાંધીનગરમાં માણસ રહેતો હોય અને કોઈને નડે નહીં એ તો આશ્ચર્ય અને અશક્ય કહેવાય. આવા સ્પર્ધાત્મક યુગમાં વિના સ્પર્ધાએ અવ્વલ રહેતાં ભીખુભાઈએ પોતના માદરે વતન (કડિયાદરા)ના પાણીનું ગૌરવ જાળવી રાખ્યું છે.

ગાંધીનગરના કોઈપણ જાહેર સ્થળ પર યોજાતાં કાર્યક્રમમાં ભીખુભાઈ મોટા ભાગે ઉત્સાહભેર જોવા મળે અને એવી જ તલ્લીનતાથી એ કાર્યક્રમ માણે પણ ખરા. આવા સમયે ભીખુભાઈની અંદર પેલો જાદુગર આત્મા જીવતો થાય અને કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો, મહેમાનો, આયોજકો, મંત્રીશ્રીઓ સુધી ભીખુભાઈનો જાદુ છવાઈ જાય. બધાના નામ સરનામા મોબાઈલ નંબર ભીખુભાઈની ડાયરીમાં આવી જાય અને ઉપરથી બધાની સાથે ફોટા પણ ક્લીક થઈ જાય. ઘણી વખત તો ખુદ આયોજકોને એમ થાય કે આ કાર્યક્રમ આપણો છે કે આ ભીખુભાઈનો...?

આ ૬૦ વર્ષનો યુવાન ભલે ઘરમાં દાદા બની ગયો હોય પણ બહાર કોઈને એમ જ લાગે કે ભીખુભાઈના હમણાં જ લગ્ન થયા હશે. મને એક વાત એ નથી સમજાતી કે ભીખુભાઈ કવિ હોવા છતાં લાંબો ઝભ્ભો કેમ નથી પહેરતાં? ખભે બગલથેલો કેમ નહીં રાખતાં હોય ?

અંતમા...એટલું જ લખીશ કે આજના ગળાકાપ હરિફાઈના યુગમાં કોઈને સહેજેય નડવું નહીં. કોઈની ટીકા ન કરવી અને બધા સાથે ભાઈચારાથી રહેવું એવી વ્યક્તિ જો કોઈ હોય તો ગાંધીનગરમાં એક ભીખુભાઈ પણ છે.

## ખુલાસો માંગ્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કામગીરી, વન વિભાગ દ્વારા મનરેગામાં થયેલ કામગીરી, આવાસ યોજના સહિતની બાબતોની ઝીણવટભરી સમીક્ષા કરવામાં આવી હતી.

સ્વીપ ઓવર આવાસ યોજનાના કામો સમયસર અને નિયત સમય-મર્યાદામાં જ સંપન્ન થાય તે રીતે સમય-પત્રક બનાવવા માટે જણાવાવમાં આવ્યું હતું.

મનરેગામાં થયેલા કામો, ૧૦૦ દિવસ સુધી રોજગાર મેળવનાર શ્રમિકોની યાદી લેબર બજેટમાં થયેલ કામગીરી, વન વિભાગ દ્વારા લાઈનવર્કસમાં થયેલ કામો સહિતની બાબતો પર આ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી.

શૌચાલય નિર્માણ તેમજ ડોર ટુ ડોર કચરો એકત્ર કરવાની કામગીરી પર આ બેઠકમાં ચર્ચાઓ થઈ હતી. સ્વચ્છતા ગ્રામ્ય વિસ્તારમાં જળવાઈ રહે તે માટે પણ કેટલીક મહત્વની ચર્ચાઓ આ બેઠકમાં થઈ હોવાનું જાણવા મળેલ છે.

## પરિણામ જ આપશે

● અનુસંધાન ત્રીજાનું ચાલુ

ઉરીમાં થયેલા ત્રાસવાદી હુમલાનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે ઉરીમાં આર્મી કેમ્પ ઉપર ત્રાસવાદી હુમલા અને પઠાણકોટ એરબેઝ ઉપર થયેલા હુમલા દર્શાવે છે કે અમે કેટલી મુશ્કેલીમાંથી પસાર થયા છીએ પરંતુ અમે દરેક ઘટનાથી બોધપાઠ લઈને આગળ વધી રહ્યા છીએ. તેમણે કહ્યું હતું કે અમે કોઈપણ ઘટનાને પહોંચી વળવા માટે સંપૂર્ણપણે તૈયાર છીએ. એરફોર્સના વડાએ કહ્યું હતું કે અમારી અંદર આવા કોઈપણ ખતરાની શરૂઆતમાં ઓળખી કાઢવાની ક્ષમતા હોવી જોઈએ. કોઈપણ નુકસાન પહોંચાડતા પહેલા જ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારવાની ક્ષમતા હોવી જોઈએ. એરચીફ માર્શલે કહ્યું હતું કે ભારતીય સેના હાલમાં આક્રમક તૈયારીમાં છે અને કોઈપણ પડકારને પહોંચી વળવા માટે સંપૂર્ણપણે સજ્જ છે.

અત્રે ઉલ્લેખનિય છે કે ભારતીય સેનાએ ઉરીમાં હુમલો થયા બાદ આનો બદલો લેવા પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં ઘુસી જઈને ત્રાસવાદી કેમ્પોનો સફાયો કર્યો હતો. આ હુમલામાં સાત કેમ્પોનો નાશ કરવામાં આવ્યો હતો. સાથે સાથે ૪૦ થી વધુ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. આને લઈને હાલ રાજનીતિ રમાઈ રહી છે પરંતુ ભારતીય સેના પુરાવા આપવા માટે તૈયાર હોવા છતાં કેન્દ્ર સરકારનું કહેવું છે કે સેના ઉપર તમામને ગર્વ છે.

# ગાંધીનગર કલ્ચરલ ફોરમ નવરાત્રી મહોત્સવ-૨૦૧૬ના વિજેતાઓ

| કેટેગરી | વિનર | રનર્સઅપ | વિનર | રનર્સઅપ |
|---|---|---|---|---|
| બેસ્ટ ચાઈલ્ડ (૭ વર્ષ સુધીના) | ક્રિશિન પરમાર | ભવ્ય સુથાર | માહી પુરોહિત | યશ્વી અમીન |
| બેસ્ટ કીડ (૭ થી ૧૨ વર્ષ સુધીના) | પ્રણિત જૈન | ચંદ્રપાલસિંહ ઝાલા | જાનવી ઠક્કર | આયુષી શર્મા |
| બેસ્ટ ટીનેજર (૧૩ થી ૧૭ વર્ષ સુધીના) | મયુર સોલંકી | વિદિત સંઘવી | દીયા પરીખ | રાજવી રાજાણી |
| બેસ્ટ ડ્રેસ | હિરેન સોલંકી | અક્ષ રાઠોડ | શિખા દેસાઈ | પ્રિયા ભગત |
| બેસ્ટ કિંગ અને ક્વીન | મુકેશ ઉપાલા | દિપક એરડા | અનિતા પરમાર | વિધિ વસાવડા |
| બેસ્ટ પેર | ભૌમિક ચૌહાણ | ઈલેશ શર્મા | મીરા ચૌહાણ | રાજવી શાહ |
| બેસ્ટ પરફોર્મ્સ (પ્રિન્સ-પ્રિન્સેસ) | સુરજસિંહ ડાભી | અમરદિપસિંહ હાંડા | દિવ્યા પંડ્યા | ધારગી પટેલ |

### વાહનના નિકાલ માટે જાહેર ટેન્ડર કમ હરાજી

અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, સેક્ટર-૧૮, ગાંધીનગર હસ્તકની ટાટા સુમો ગાડી નં. જીજે-૧૮- જી - ૧૦૩૧, મોડલ-૧૯૯૯ (ડીઝલ) (તળીયાની કિંમત+વેટ)ના નિકાલ માટે તા. ૨૮/૧૦/૨૦૧૬ના રોજ સવારના ૧૧:૩૦ કલાકે કચેરીમાં ટેન્ડર કમ હરાજી રાખવામાં આવેલ છે. ટેન્ડર કમ હરાજીમાં ભાગ લેનાર ઈસમોએ નિયત નમૂનામાં બંધ કવરમાં ભાવો તા. ૨૬/૧૦/૨૦૧૬ સુધીમાં કચેરીમાં મળે તે રીતે ડીપોઝીટની રકમ રૂ. ૫૦૦૦/-ના ડિમાન્ડ ડ્રાફ્ટ સાથે મોકલવા જણાવવામાં આવે છે. ટેન્ડર કોપી તથા શરતો/બોલીઓ કચેરીમાંથી કામકાજના સમય દરમિયાન મેળવી લેવા વિનંતી છે.

સંયુક્ત નિયામક (પીએલએમ-૫)
અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર
ગાંધીનગર

માહિતી/૧૭૫૪/૧૬-૧૭

### ટચૂકડી જાહેર ખબર

**કારીગર જોઈએ છે**

સેક્ટરના શોપીંગ સેન્ટરે આવેલ દુકાનદારને ફરસાણ તથા ગરમ નાસ્તો બનાવી શકે તેવા કારીગરની જરૂર છે. રહેવાની તથા જમવાની સુવિધા આપવામાં આવશે.

સંપર્ક
મો. ૯૭૧૪૨ ૪૨૧૪૩

**મકાન વેચવાનું છે**

સે. ૨૪, શ્રીનગર કોલોનીમાં રોડ ટચ બે માળનું મકાન, ચાર રૂમ રસોડુ, ફુલ ફર્નીચર, ગેસ લાઈન, ટાઈટલ ક્લીયર વેચવાનું છે.

મો. : ૯૭૨૩૬ ૧૭૮૬૦